# ઉત્તર ભારત ઠંડીના સંકંજામાં ફસાયું

## હિમાચલના કુલ્લુમાં રાત્રી તાપમાન શૂન્ય ડિગ્રી થઈ ગયું : મૃતાંક વધી ૯૨ થયો

નવી દિલ્હી, તા.૩૧

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સંકંજામાં છે. ઠંડીથી લોકોને કોઈપણ પ્રકારની રાહત મળી રહી નથી. પારો સતત ઘટી રહ્યો છે. દેશના જુદા જુદા ભાગોમાં તીવ્ર ઠંડીના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વિમાની અને રેલ સેવાને અસર થઈ છે. ઉત્તર ભારતમાં મોતનો આંકડો વધીને ૯૨ ઉપર પહોંચી ગયો છે. ધુમ્મસની સ્થિતિના કારણે સવારમાં લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. ઉત્તર પ્રદેશમાં કોલ્ડ વેવના કારણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન વધુ ત્રણ લોકોના મોત થયા છે જેથી આ સિઝનમાં મોતનો આંકડો વધીને ૯૨ ઉપર પહોંચ્યો છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, બિહારમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હિમાચલના કુલુ જિલ્લામાં હિમવર્ષાના કારણે બરફની ચાદર છવાઈ ગઈ છે. રાજ્યના કુલુ જિલ્લામાં રાત્રી તાપમાન શૂન્ય ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

જમ્મુ કાશ્મીરના ઘણા ભાગોમાં પણ તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. હિમવર્ષાના કારણે તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. મેદાની ભાગોની વાત કરવામાં આવે તો પણ



પંજાબ, હરિયાણામાં ઠંડીથી કોઈપણ પ્રકારની રાહત લોકોને મળી રહી નથી. યુરોપ અને ઉત્તર અમેરિકાના દેશોમાં પણ તાજેતરમાં તાપમાનમાં ઘટાડો થયો છે. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ તાપમાન બેથી લઈને સાત ડિગ્રી સુધી નોંધાયુંછે. રાજસ્થાનના માઉન્ટ આબુ, અજમેર, જયપુર, સવાઈ માધોપુરમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ધુમ્મસની સ્થિતિના કારણે સવારમાં વાહનવ્યવહારને અસર થઈ છે. ઘણી જગ્યાએ અકસ્માતો પણ થયા હોવાના અહેલ મળ્યા છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ લોકોનો મોત થયા છે. રાજ્ય સરકારે ઠંડીથી બચવા માટે ગરીબ લોકો માટે ૧૦૦ કરોડથી વધુની રકમ જારી કરી છે. ગરીબોને ઠંડીથી બચવા માટે લાકડાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મોટાભાગના મૃત્યુ પામેલા લોકો ઘર વગરના જાણવા મળ્યું છે. હવામાન ખાતાએ આગાહી કરતા જણાવ્યું છે કે જમ્મુ કાશ્મીરના ઉંચાણવાળા વિસ્તારોમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થઈ શકે છે. હાઈવેને એક તરફના ટ્રાફિક માટે જમ્મુથી શ્રીનગર માટે ખોલી દેવામાં આવ્યો છે.

# દેશના વિવિધ ભાગોમાં દેખાવોનો દોર યથાવત

નવી દિલ્હી, તા.૩૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત દેશના જુદા જુદા ભાગોમાં ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીને ન્યાય અપાવવાના હેતુસર આંદોલન યથાવતરીતે આગળ વધારવા યુવા લોકો તૈયાર છે. આ મામલાને શાંત પડવા દેવા યુવાનો ઈચ્છુક દેખાઈ રહ્યા નથી. આ જ કારણોસર દેશના વિવિધ ભાગોમાં પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. દેશના જુદા જુદા ભાગોમાં લોકો બળાત્કારીઓને કઠોર સજાની માંગણી કરી દેખાવ કરી રહ્યા છે. મળેલી માહિતી મુજબ લોકો જંતરમંતર ઉપરાંત અન્ય ભાગોમાં દેખાવ કરી પીડિતાને તરત ન્યાય આપવાની માંગ કરી રહ્યા છે. દેશના અન્ય ભાગોમાં પણ લોકો જુદા જુદા તરીકાઓથી દેખાવ કરી રહ્યા છે. ગેંગ રેપનો શિકાર યુવતીના અંતિમસંસ્કાર બાદ પણ લોકોની નારાજગી ઓછી થઈ નથી. કાયદામાં ફેરફાર કરી કઠોર સજાની જોગવાઈની માંગ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બળાત્કારનો શિકાર ૨૩ વર્ષિય યુવતીના મૃતદેહને સિંગાપોરથી લાવવામાં આવ્યા બાદ રવિવારે સવારે ગુપ્તરીતે અંતિમસંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. સઘન સુરક્ષા વચ્ચ પરિવાર અને નજીકના લોકોની હાજરીમાં અંતિમ સંસ્કાર કરાયા હતા. ૧૬મી ડિસેમ્બરના દિવસે યુવતી સાથે ચાલતી બસમાં બળાત્કાર થયો હતો. ત્યારબાદથી આ મામલો ખૂબ જ ગરમ થઈ ગયો હતો. ૧૦ દિવસ સુધી સફદરજંગ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ યુવતીને વધુ સારવાર માટે સિંગાપોર ખસેડવામાં આવી હતી જ્યાં તેનું મોત થયુ હતુ અને મૃતદેહને ગુપ્તરીતે ભારત લાવવામાં આવ્યા બાદ વહેલીતકે અંતિમસંસ્કાર કરી દેવાયા હતા.

# પિડીત યુવતીને ન્યાય અપાવવાની માંગણીને લઈને ત્રીજી જાન્યુઆરીના દિવસે ભારત બંધની હાકલ

## રાજકીય પક્ષોને બંધમાં જોડાવવા માટે મંજુરી આપવામાં આવશે નહીં : ભારતબંધને સારો પ્રતિસાદ મળવાની વકી

નવી દિલ્હી, તા.૩૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બરની રાત્રે ચાલતી બસમાં ૨૩ વર્ષિય વિદ્યાર્થિની પર થયેલા સામૂહિક બળાત્કારનો શિકાર થયેલી યુવતીને ન્યાય અપાવવાની માંગણીને લઈને દેખાવકારો ત્રીજી જાન્યુઆરીના દિવસે ભારત બંધની હાકલ કરી છે. ભારત બંધ રાખીને સરકાર પર દબાણ લાવવાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે. દેખાવકારોનું કહેવું છે કે રાજકીય નેતાઓને ભારત બંધમાં સામેલ થવાની મંજુરી આપવામાં આવશે નહીં. જો તેઓ તેમની પાર્ટીના પ્લે કાર્ડ અથવા ફ્લેગ લઈને બંધમાં જોડાશે તો તેમને આમા સામેલ થવાની મંજુરી આપવામાં આવશે નહીં. ૧૬મી




ડિસેમ્બરની રાત્રે દક્ષિણ દિલ્હીમાં ચાલતી બસમાં છ શખ્સો દ્વારા ફિઝિયોથેરાપીની વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો સાથે સાથે તેને માર પણ મારવામાં આવ્યો હતો. આ યુવતીનું શનિવારે સવારે માઉન્ટ એલિઝાબેઝ હોસ્પિટલમાં સિંગાપોર ખાતે મોત થઈ ગયુહતુ. ૨૩ વર્ષિય આ વિદ્યાર્થિનીના રવિવારે સવારે અંતિમસંસ્કાર ખૂબ જ ગુપ્તરીતે કરી દેવામાં આવ્યા હતા. અગાઉ રવિવારે કોંગ્રેસે મહિલાઓ સામે ગુનાઓને રોકવા માટે વધુ કઠોર કાયદાઓ બનાવવાની માંગ કરી હતી. ભારત બંધની હાકલમાં કોઈ રાજકીય પક્ષોએ ટેકો આપવાની કે આમા જોડાવવાની હજુ સુધી વાત કરી નથી પરંતુ બનાવ ખૂબજ ગંભીર હોવાથી આ બનાવને સારો પ્રતિસાદ મળી શકે છે કારણ કે બનાવને લઈને દેશભરમાં આક્રોશ જારી છે અને આનો વિરોધ અટક્યો નથી. ભારત બંધ પહેલા જ દિલ્હીમાં છેલ્લા ઘણા દિવસથી સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે.

# વર્ષ ૨૦૧૩ રોકાણકારો માટે આશાસ્પદ રહી શકે

નવી દિલ્હી, તા.૩૧

વર્ષ ૨૦૧૩માં મૂડીરોકાણકારો માટે કેટલીક રાહતજનક બાબતો રહી શકે છે જેના કારણે રોકાણકારો આશાવાદી પણ બનેલા છે. આર્થિક વિકાસને ઝડપી બનાવવા માટે સરકાર દ્વારા પગલા પણ લેવામાં આવ્યા છે. શેરબજાર છેલ્લા થોડાક મહિનાઓમાં ઉથલપાથલ વાળુ રહ્યુ હતુ. ૨૦૧૨માં કેટલાક સારા સમાચારો પણ રહ્યા હતા. આવતીકાલથી નવા વર્ષની શરૂઆત થઈ રહી છે ત્યારે નવી આશા પણ જાગી છે. આ વર્ષમાં સેન્સેક્સ અને નિફ્ટી ૨૨-૨૩ ટકા ઉછળ્યા હતા જ્યારે મિડકેપ ઈન્ડેક્સમાં ૩૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ઈક્વિટી અને મ્યુચ્યુઅલફંડમાં નોધપાત્ર સ્થિતિ રહી છે. લાર્જ અને મિડકેપ ફંડમાં સરેરાશ ૨૮ ટકાનો વધારો રહ્યો છે. નવા વર્ષમાં પણ તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવનાર વર્ષમાં આરબીઆઈ વ્યાજદરની વ્યવસ્થાને હળવી બનાવી શકે છે. આરબીઆઈ વધતા જતા ફુગાવાને અંકુશમાં લેવા માટે છેલ્લા કેટલાક વર્ષથી કઠોર નીતિ અપનાવી રહી હતી. પરંતુ હવે નવા વર્ષમાં વ્યાજદરને હળવો કરવામાં આવી શકે છે જેના લીધે લોનવધુ સસ્તી થશે. વિકાસને પ્રોત્સાહન આપવા નવા પગલા જાહેર કરવામાં આવી શકે છે.

# આજથી કેશ ટ્રાન્સફર સ્કીમ ૨૦ જિલ્લાઓમાં અમલી બનશે

## પ્રાથમિક તબક્કામાં હાલ ખાદ્યાન્ન ચીજવસ્તુ, ખાતર, ડિઝલ, કેરોસીન ઉપર સબસિડીને આવરી લેવામાં આવશે નહીં : સ્કીમથી બે લાખ લોકોને ફાયદો

નવી દિલ્હી, તા.૩૧

નાણાં પ્રધાન પી ચિદમ્બરમે આજે જાહેરાત કરી હતી કે કેશ ટ્રાન્સફર સ્કીમ પહેલી જાન્યુઆરીથી એટલે કે આવતીકાલથી ૨૦ જિલ્લાઓમાં અમલી બનાવવામાં આવી રહી છે. ૨૦ જિલ્લાઓમાં પસંદગીની સ્કીમના લાભ લેનાર લોકોના ખાતામાં રોકડ રકમ જમા કરવાની મહત્વકાંક્ષી સ્કીમ આવતીકાલથી શરૂ થઈ રહી છે. પરંતુ પ્રાથમિક તબક્કામાં ખાદ્ય ચીજવસ્તુઓ ખાતર અને ફ્યુઅલ સબસિડીને ઉમેરવામાં આવશે. નહીં.



ચિદમ્બરે કહ્યુ હતુ કે વધુને વધુ જિલ્લાઓને આવનાર સમયમાં આવરી લેવામાં આવશે. ૨૦૧૩ દરમિયાન આ સ્કીમને સંપૂર્ણપણે સફળ બનાવવા તમામ પગલા લેવામાં આવશે. તેમણે ઉમેર્યુ હતુ કે પહેલી જાન્યુઆરીથી ૨૦ જિલ્લાઓમાં આની શરૂઆત થઈ રહી છે. તમામ ૨૬ સ્કીમો રોલઆઉટ માટે તૈયાર છે. પહેલી જાન્યુઆરીથી સાત સ્કીમો જે ૨૦ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી રહી છે આના ભાગરૂપે યુઆઈડીએઆઈ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને સીધી રીતે નફાની ટ્રન્સફર વ્યવસ્થા મારફતે રોકડ રકમ જમા કરવામાં આવશે. જો કે પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે રોલ આઉટના પ્રથમ તબક્કામાં રાંધણગેસ, કેરોસીન, ડિઝલ, ખાદ્ય ચીજવસ્તુ અને ખાતર સાથે સંબંધિત સબસિડીને સામેલ કરવામાં આવી નથી. હાલમાં ખાદ્ય ચીજવસ્તુ, ફર્ટિલાઈઝર, ડિઝલ, કેરોસીન પર સબસિડી ટ્રાન્સફરનો ઈરાદો નથી. પ્રવર્તમાન વ્યવસ્થા ચાલુ રહેશે કારણ કે આ જટિલ મામલો છે. એલપીજી પર સબસિડી અંગે પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે આને ક્યારે આવરી લેવામાં આવશે તે અંગે વાત કરવી ખુબ વહેલી હશે. પરંતુ પ્રથમ તબક્કામાં આને આવરી લેવામાં આવી નથી. પહેલી-૨૦મી માર્ચ સુધી ૪૩ જિલ્લાઓમાં આ સ્કીમ અમલી બનશે. જ્યારે પહેલી-૧૨મી ફેબ્રુઆરી સુધી બીજા ૧૧ જિલ્લાને આવરી લેવાશે. પહેલી માર્ચથી ૧૨ જિલ્લાઓને આવરી લેવાશે. ૨૦૧૩ના અંત સુધીમાં ડાયરેક્ટ કેશ બેનિફિટ ટ્રાન્સફર દેશના તમામ જિલ્લાઓમાં અમલી બનાવી દેવામાં આવશે. આ સબસિડી આધારનંબર નહીં ધરાવનાર લોકોના બેંક ખાતાઓમાજમા થશે. આગામી થોડાક દિવસોમાં નવી વ્યવસ્થા અને માર્ગદર્શિકા જારી કરાશે. પહેલી જાન્યુઆરીથી પે આઉટ માટે જે સાત સ્કીમો અમલી બનનાર છે તેમાં એસસી, એસટી અને ઓબીસી માટે સ્કોલરશીપ, ઈન્દિરા ગાંધી માતૃત્વ સહાય યોજના, ધન લક્ષ્મી સ્કીમ, એસટી અને એસસી નોકરી મેળવનારાઓ માટે સ્ટાઈપેન્ડ યોજનાનો સમાવેશ થાય છે. માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારીએ કહ્યુ છે કે પ્રથમ તબક્કાથી બે લાખ લોકોને સીધો ફાયદો થશે. સંબંધિત મંત્રાલયોના વિભાગમાં લાભ મેળવનારાઓની યાદી તૈયાર કરી લેવામાં આવી છે. ચિદમ્બરમે આ સ્કીમ અંગે વાત કરતા કહ્યુ હતુ કે આધાર સંબંધિત બેંક ખાતા નહીં ધરાવનાર લોકો માટે નાણાં તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે જેથી તેમના વેપારી હેતુ મારફતે તેઓ નાણાંનો ઉપયોગ કરી શકશે. આ સ્કીમને સફળ બનાવવાને લઈને પહેલાથી જ વાત કરવામાં આવી ચુકી છે.

# રોકડના માર્કેટમાં ૮૨૬ કરોડની નેટ ખરીદી થઈ

નવી દિલ્હી, તા.૩૧

બીએસઈ દ્વારા આજે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ આજે ૮૨૬.૩૪ કરોડની નેટ ખરીદી કરી હતી. રોકડ માર્કેટના એફઆઈઆઈ દ્વારા નેટ ખરીદીના આંકડા આશાસ્પદ રહ્યા હતા. આવી જ રીતે સ્થાનિક સંસ્થાકિય રોકાણકારો દ્વારા ૨૦૦.૯૭ કરોડનું નેટ વેચાણ કરવામાં આવ્યું હતુ. જ્યારે સ્થાનિક સંસ્થાકિય રોકાણકારો દ્વારા ૯૧૧.૯૪ કરોડની ખરીદી કરવામાં આવી હતી આની સાથે જ કુલ વેચાણ ૧૧૧૨.૯૧ કરોડ રહ્યુ હતુ. શુક્રવારના દિવસે એફઆઈઆઈ દ્વારા ૯૦૪.૫૦ કરોડની નેટ ખરીદી કરવામાં આવી હતી. સેબી દ્વારા આ મુજબના આંકડા જારી કરવામાં આવ્યા હતા. દરમિયાન બજારમાં આજે કુલ માર્કેટ ટર્ન ઓવરના આંકડા પર તમામની નજર રહી હતી. વર્ષના કારોબારના છેલ્લા દિવસે કુલ માર્કેટ ટર્નઓવર ૭૯૦૦૦ કરોડની આસપાસ રહ્યુ હતું. એનએસઈ,એફએન્ડઓ ટર્નઓવર ૫૦૦૦૦ કરોડની આસપાસ રહ્યુ હતું.

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

ભૂપતભાઇ પોતાના સમાજ માટે તીવ્ર લાગણી પ્રગટ કરતા કહે છે કે, 'મારા સમાજની ગામડેથી રાજકોટ શહેરમાં ઉચ્ચ ઉભ્યાસઅર્થે આવતી દીકરીઓ માટે સુવિધાવાળી કન્યા છાત્રાલય હોવી જોઇએ અને તે માટે અમે સક્રિય છીએ. લુહાર જ્ઞાતિબંધુઓ મારા ઉપર અપાર વિશ્વાસ રાખી સમાજના ઉત્કર્ષ માટે હરહંમેશા દાન આપે છે. તેનો મને આનંદ છે, ગૌરવ છે, સમાજની માનસિકતા વધુ સ્વસ્થ થાય અને સમાજ એક બને તેઓ શુભ આશય પણ હું રાખું છું.'

ભૂપતભાઇ નવી પેઢીને પ્રેરક ઉદાહરણ આપે છે કે, 'નવી પેઢીના યુવાન ભાઇ-બહેનો સમાજનાં સંસ્કાર, શિક્ષણ અને સેવાકાર્યમાં આગળ આવે. ભૂપતભાઇએ ભગવદ્ ગીતાના શ્લોકને ચરિતાર્થ કર્યા છે. તેથી તેમને નિ:સ્વાર્થ ભાવે કામ કરવું બહુ જ ગમે છે. સ્ટેજ ઉપર બેસવું ગમતું નથી.'

તેમના વ્યવસાય સંકુલો છે : સત્યનારાયણ સ્ટીલ ટ્રેડર્સ અને ચામુંડા ટ્રેડર્સ. આ બંને સંકુલોમાં લોખંડનો વ્યવસાય તેમના બંને સંતાનો શ્રી રોહિતભાઇ અને શ્રી હીરેનભાઇ સંભાળી રહ્યા છે.

નિખાલસ, નિર્દંભી, ખરા અર્થમાં સેવક, સાદા, સરલ, પરિશ્રમી ભૂપતભાઇને અંતરથી તેમની અપ્રતિમ સેવા બદલ અભિનંદન, શુભેચ્છાઓ.

**તેમનો મો. નં. છે : ૯૮૨૫૯૪૪૬૨૫**

### વૈષ્ણોદેવી શ્રદ્ધાળુ માટે હેલિકોપ્ટર સેવા મોકુફ

ધાર્મિક સ્થળ વૈષ્ણોદેવી માટે કતરા ખાતે લોવિઝિબિલીટીની સ્થિતિ સર્જાઈ છે. જેના પરિણામ સ્વરૂપે વૈષ્ણોદેવીના શ્રદ્ધાળુઓ માટે હિલેકોપ્ટર સેવા બંધ કરી દેવામાં આવી છે. આ સેવા કામચલાઉ ધોરણે ગઈકાલે પણ મોકુફ કરવામાં આવી હતી જો કે આ સેવા સ્થિતિમાં સુધારો થયા બાદ ફરી શરૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે પવનહંસના હેલિકોપ્ટરે કતરા ખાતે તાકિદે ઉતરણ કર્યુ હતુ. તેના પરિણામસ્વરૂપે છ શ્રદ્ધાળુઓને ઈજા થઈ હતી. હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાઈ ગઈ હતી જેના કારણે કતરામાં પહાડી વિસ્તારમાં હેલિકોપ્ટરને ઉતરણ કરવાની ફરજ પડી હતી.

# કોંગ્રેસ બાદ ભાજપ દ્વારા પણ મહત્તમ સજાની ઉગ્ર માંગણી

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી ગેંગરેપના બનાવ બાદ બળાત્કારીઓને કઠોર સજા કરવાની માંગ ઉઠી રહી છે ત્યારે કોંગ્રેસ બાદ હવે ભાજપે પણ રેપ કેસમાં આરોપીઓને મહત્તમ સજાનું સૂચન કર્યુ છે જેમાં મૃત્યુદંડની સજા અથવા તો કેમિકલી નપુંસક બનાવી દેવાની વાત કરવામાં આવી છે. ભાજપના વરિષ્ઠ નેતા વેંકૈયા નાયડુએ પત્રકારો સાથે વાતચીત કરતા આજે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે બળાત્કારીઓને મૃત્યુદંડની સજા થવી જોઈએ. કોંગ્રેસે પણ બળાત્કારીઓ માટે નપુંસક બનવી દેવાની દરખાસ્ત મુક્યા બાદ હવે ભાજપે પણ હવે એવી જ માંગણી કરી છે. ભાજપના વરિષ્ઠ નેતા નાયડુએ કહ્યુ હતુ કે બળાત્કારના અપરાધીઓ માટે ૩૦ વર્ષ સુધી સજાની જોગવાઈ હોવી જોઈએ.

યુપીએની ઝાટકણી કાઢતા ભાજપે કહ્યુ છે કે બિનસંવેદનશીલતા, કોંગ્રેસના નેતૃત્વમાં સરકારની નિષ્ક્રિયતાના લીધે દેશમાં અસામાજિક તત્વોને તક મળી ગઈ છે. સંસદીય વ્યવસ્થા આ પ્રકારના બનાવોને ઉલ્લેખનીય રીતે રજુ કરવામાં અને ઉકેલવામાં નિષ્ફળ ગઈ છે. ગેંગ રેપનો બનાવ દર્શાવે છે કે સરકાર ઉદાસીન વલણ ધરાવે છે. દરમિયાન ભાજપે આજે ઝડપી ન્યાયની ખાતરી કરવા સરકાર સમક્ષ જોરદાર માંગ કરી હતી. સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે ભોગ બનેલી યુવતીને વહેલીતકે ન્યાય મળે તે જરૂરી છે.

સરકારે દેશમાં મહિલાઓની સુરક્ષા માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરી લેવી જોઈએ. ગુનેગારો પાટનગરમાં દહેશત વગર ફરી રહ્યા છે. દિલ્હી પોલીસનો તેમને ભય નથી. જંતરમંતર પર ભાજપ દ્વારા પણ શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ૨૩ વર્ષિય ગેંગરેપનો શિકાર થયેલી યુવતીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. એલકે અડવાણી, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ સહિતના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી હતી.

# સમાચાર ઝલક

- હિમાલય ક્ષેત્રમાં ૮ પોઇન્ટનો ભૂકંપ આવવાની શક્યતા : વૈજ્ઞાનિકોનો મત.
- ભારતીય સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ વન-ડે કારકિર્દીના ૭૦૦૦ રન પૂર્ણ કર્યા.
- દિવસ દરમિયાન બર્ફીલા પવન ફૂકાતાં ઉત્તર ગુજરાતના જનજીવનને અસર.
- રેલભાડા પહેલા 'રેલ્વે ભાણાં' મોંઘા થશે.
- દ્વારકા પણ સોને મઢાશે, સૂરત-મુંબઇના ભાવિકો દ્વારા ચાર કિલો સોનાની મૂર્તિ ભેટ આપવામાં આવી.
- અમરેલી જિલ્લામાં ૧૩ વર્ષની બાળાને ઉઠાવી જઇ ત્રણ નરાધમોએ બળાત્કાર કરતાં ખળભળાટ.
- રેલ્વે ભાડામાં 30% વધારો થવાની ભણકારા.
- પૂનાનો સુવર્ણ પુરૂષ ? શર્ટમાં 3 કિલો સોનું મઢ્યું, શરીર પર ૭ કિલો સોનું પહેરે છે.
- અમેરિકા, કેનાડા, અને મોન્ટ્રીયલમાં બરફનો પ્રકોપ.
- મનમોહનસિંહ અને સોનિયા ગાંદી વહેલી પરોઢે પીડિતાનો મૃતદેહ લેવા વિમાની મથકે પહોંચ્યા : અદ્વિતીય ઘટના.
- નાયલોન દોરીના ઉપયોગ અને વેચાણ પર પ્રતિબંધ.
- ઉના તાલુકાના દ્રોણેશ્વર મંદિરની શિવલિંગની વર્ષોથી વહેતા જળધારા બંધ થતા ભારે કુતૂહલ.
- માનવ અધિકાર ભંગની પ્રતિવર્ષ એક લાખથી વધુ ફરિયાદ મળે છે : કે.જી.બાલકૃષ્ણ, (સભ્ય, માનવ અધિકારપંચ)
- દેશભરમાં પ્રથમ પહેલ : બળાત્કારના બનાવો અટકાવવા ગુજરાત સરકારનો ૧૧ મુદ્દાનો પ્લાન.
- કરાંચીમાં મુખ્ય રેલ્વે સ્ટેશન પાસે બોંબ વિસ્ફોટ, અનેક વ્યક્તિઓનો મોત. શહેરમાં હાઇ એલર્ટ.

# પિડીતાના પરિવારને ૧૫ લાખનું વળતર

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી સરકારે બળાત્કારનો શિકાર થયેલી અને હાલમાં જ મૃત્યુ પામેલી યુવતીના પરિવારને ૧૫ લાખનું વળતર આપવાની દિલ્હી સરકારે આજે જાહેરાત કરી હતી. સાથે સાથે યુવતીના પરિવારના એક સભ્યને નોકરી આપવાની પણ ઓફર કરવામાં આવી હતી. બે દિવસ અગાઉ જ આ યુવતીનું મોત થયુ હતુ. મુખ્યમંત્રી શિલા દિક્ષીતના નેતૃત્વમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં તમામ પાસાઓ ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ ગેંગરેપનો શિકાર યુવતીના પરિવારને ૧૫ લાખ આપવાની જાહેરાત કરાઈ હતી.

૧૬મી ડિસેમ્બરના દિવસે દક્ષિણ દિલ્હીમાં ચાલતી બસમાં ફિઝિયોથેરાપીની આ વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો આ ઉપરાંત તેને નિર્દયરીતે માર મારવામાં આવ્યો હતો જેના



પરિણમસ્વરૂપે તેની હાલત ખુબજ ગંભીર બની ગઈ હતી. દિલ્હીમાં સફદરજંગ હોસ્પિટલમાં થોડાક દિવસ સુધી સારવાર આપવામાં આવ્યા બાદ આ યુવતીને વધુ સારવાર માટે સિંગાપોર ખસેડવામાં આવી હતી જ્યાં તેનું મોત થયુ હતુ. તેના ગઈકાલે અંતિમસંસ્કાર કરાયા હતા. શિલા દિક્ષીતે કેબિનેટની મિટિંગમાં મહિલાઓની સુરક્ષા પાસાઓ ઉપર પણ ચર્ચા વિચારણા કરી હતી. દિલ્હીમાં બળાત્કાર અને અન્ય ગુનાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

### નવું વર્ષ નવી મનોવૃત્તિ (પાના નં. ૪ નું ચાલુ)

નવા વર્ષની વાત ખૂબ રોચક રીતે કરે છે :

**નવા વર્ષના પ્રવેશ માર્ગ પર**
**ઊભેલા પહેરેગીરને મેં કહ્યું,**
**મને પ્રકાશ આપો**
**કે જેથી હું અજાણ્યા પંથે**
**સહીસલામત રીતે આગળ ચાલું.**
**પણ તેણે મને કહ્યું,**
**તમારા હાથમાં ઈશ્વરનો હાથ લઈને**
**તમે અંધારામાં આગળ વધો**
**તે જ તમારે માટે કોઈ પ્રકાશ**
**કે જાણીતા રસ્તા કરતાં વધુ બહેતર હશે.**

ભગવાન પર શ્રદ્ધા રાખવાનું સાહસ કરનાર માણસ જાણે છે કે ભગવાન સૌની દેખરેખ રાખે છે. ભગવાન એ દેખરેખ, એ સંભાળ માણસો દ્વારા-મારા-તમારા દ્વારા-કરે છે. એટલે હું સહસંવેદના અને હમદર્દીથી બીજામાં મારા ભાઈ કે મારી બહેનનાં દર્શન કરીને એમની સંભાળ રાખવા બંધાયેલો છું. જ્યારે માણસ આ રીતે પોતાનાં ભાઈબહેનો માટે ખાસ તો જરૂરિયાતમંદો માટે પોતાની જવાબદારી સમજશે ત્યારે એનામાં અનોખું પરિવર્તન આવશે. સ્વાર્થી અને આપમતલબી મનોવૃત્તિને સ્થાને નવી મનોવૃત્તિ ધારણ કરી શકશે. તો જ આપણું નવું વર્ષ ઊજળું બનશે, એમાં શંકા નથી.